બિસ્મીલ્લાંહિર રહમાનીર રહીમ

# હયા

ઈમામ સાદિક અ.સ.ફરમાવે છે:-"હયા અને ઈમાન બન્ને એક રસ્સી માં બાંધેલા છે અગર એક ભાગશે તો બીજું પણ તેની પાછળ ચાલ્યું જશે."

ઈમામ સાદિક અ.સ.ફરમાવે છે:-"હયા બે પ્રકારની છે 'હયા એ અકલ'અને 'હયા એ હુમક' 'હયા એ અકલ' ઈલ્મ છે અને 'હયા એ હુમક' જહાલત ." (ઉસુલે કાફી ભાગ ૩,પેજ.૩૬૨)

ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.:-"ઈમાન એક વૃક્ષ છે, તેનું મૂળ યકીન છે, તેની ડાળીઓ હયા છે,તેનું ફળ સખાવત છે.

(તજલ્લીયાતે હિકમત ઉર્દુ પ્રર.૨૭,ઈમાન અને મોમીન,પેજ.૬૫,હદીસ,૨૫)

હ.ઉમર ઈબ્ને હસીન કહે છે કે રસુલ સ.મેં ફરમાવ્યું કે હયા, નેકી અને ભલાઈ સિવાય કોઈ વાત પૈદા નથી કરતી. અને એક બીજી રીવાયત માં છે કે હયા તમામ ચીજોથી બેહતર છે. (કિતાબ:- મિશ્કાત પેજ.૫૪૨)

રસુલ સ.અ.વ. મેં લોકો થી ફરમાવ્યું :-"ખુદાથી સાચા અર્થમાં હયા કરો." લોકોએ પૂછ્યું, "ખુદાથી સાચા અર્થમાં હયા કોણ કરી શકે? ફરમાવ્યું"જે માણસ ખુદાથી સાચા અર્થમાં હયા કરવા માંગે તેના માટે જરૂરી છે કે તે પોતાની મૌતને પોતાની નજરની સામે લખી રાખે , દુનીયા અને તેની શોભાથી મુખ ફેરવી લે માથા અને તેની સાથે જોડાયેલી વસ્તુનું રક્ષણ કરતો રહે પેટ અને તેમાં મૌજુદ વસ્તુઓનું ધ્યાન રાખે .કબ્ર અને આઝમયીશોને ન ભૂલે. (મીઝાન પેજ.૪૬૪, બેહારુલ અન્વાર)

ઉપર મુજબની હદીસો જોયા પછી એ હકીકત સાબિત થાય છે કે એહલેબેત અ.મુ.સ. મેં એ તાકીદ કરી છે કે ઈન્સાન હયાનો લિબાસ ઓઢી લે અને અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરે અને નેકી અને બેહતરીન રસ્તો અપનાવે. અને રસુલ સ.અ.વ. ની આ

હદીસ કે જે ખુદાથી સાચા અર્થમાં હયા કરવાની રીત બતાવી છે કે જેમાં ઈન્સાન માટે જરૂરી છે કે તે હમેશ જાગૃત રહે, ક્યારેય મોતથી ગાફિલ ન રહે, હમેશા મૌતનો ઝીક્ર કરે ત્યાંસુધી કે એહતિયાત કરતો રહે કે જે પણ કામ તે અંજામ આપી રહ્યો છે તો તે આખેરત માટે નફાબક્ષ છે કે નુકસાનીનું કારણ બનશે, બીજું એ કે ઈન્સાન આ દુનિયાની ખ્વાહીશાતો અને દુનિયાના રંગ બે રંગથી પોતાની જાતને બચાવે, અને ઈન્સાન પોતાની નફસાની ખ્વાહીશાતોથી પોતાને અલગ રાખે.

અને હમેશા આખેરતને પોતાની સામે રાખે કે અલ્લાહ જોઈ રહ્યો છે અને જેનાથી અલ્લાહ સામે હયા ના કારણે ઈન્સાન ગુનાહોથી બચશે અને અલ્લાહની બરગાહમાં તૌબા થકી જહન્નમની આગથી પોતાને બચાવશે. અને આજ કારણે ઈતિહાસમાં એવા ઘણા બનાવો જોવા મળે છે કે જયારે ઈન્સાન હયાને છોડી દે છે તો એટલો ગુનાહ માં મૂબેતલા થઈ જાય છે કે તેનું ઈમાન બાકી નથી રેહતું ત્યાં સુધી કે તેનું દિલ મુર્દા થઈ જાય છે પરંતુ એક એહસાસ કે અલ્લાહ જોઈ રહ્યો છે જેના લીધે પોતાની જાત ઉપર શરમ મેહસૂસ કરે છે અને જેના લીધે ગુનાહ છોડીને ઈન્સાન પોતાની જાતને સુધારી નાખે છે.

એક વાકેઓ જોઈએ કે ઈબ્ને જવ્ઝી પોતાના પુસ્તક મદહશમાં લખે છે એક પર્હેઝગાર મિસર ગયો અને તેને એક લુહારને જોયો કે તે તપતા લાલચોળ લોઢાને પોતાના હાથે ભઠ્ઠીમાંથી કાઢે છે, પરંતુ ગરમ લોઢું તેના હાથને બાળતું નથી.

આ આશ્ચર્ય દૃશ્ય જોઈને પરહેઝગાર ઉભો રહી ગયો અને મનમાં વિચારવા લાગ્યો કે હો ના હો આ શખ્સ અલ્લાહની બારગાહમાં પસંદ કરાયેલ છે. બની શકે છે કે આ શખ્સ મહાન લોકોમાંથી હોય એટલે તેને તેને સલામ કરી અને કહ્યું તને એ ખુદાનો વાસ્તો જેને તારા હાથમાં આ કરામત આપી છે મારા હક માં દુઆ કર. આ શબ્દ સાંભળી લુહાર રડવા લાગ્યો, અને કીધું આપે મારા માટે જે અભિપ્રાય બાંધ્યો છે તે ખરો નથી, હું પરહેઝગાર કે નેક નથી. પરહેઝગારે કહ્યું,અય ખુદાનાં બંદા તો પછી તું આવું કામ કેવી રીતે કરી શકે છે?જે નેક લોકો સિવાય સામાન્ય માણસથી સંભવિત નથી. લુહારે કહ્યું : ભાઈ વાત એમ છે કે હું એક દિવસ દુકાન પર કામમાં મશગુલ હતો કે એક સુંદર રૂપાળી ઔરત મારી દુકાન પર આવી મેં તેવી રૂપવાન સ્ત્રી જોઈ નોહતી.

તેણે મારી પાસે આવીને ભૂખ અને ભૂખમરાની ફરિયાદ કરી અને સહાય માંગી મેં સુંદર મોકો સમજી કહયુ : જો તું મારી કામ તરસ બુજાવે તો હું દરેક રીતે સેવા કરવા તય્યાર છુ. ઔરતે ઘણા જોશીલા લેહ્જામાં જવાબ આપ્યો :ખુદાથી ડર હું એવી સ્ત્રીઓમાંથી નથી

મેં કહ્યું તો પછી તું મારી દુકાનમાંથી બહાર નીકળી જા .ઔરત ચાલી ગઈ પછી પછી થોડીવાર પછી પાછી મારી દુકાન પર આવી અને કહ્યું તંગ્દ્સ્તીએ મારી તમામ તાકાત છીનવી લીધી હું તારી માંગણી પૂરી કરવા તય્યાર છુ અને મેં દુકાન બંધ કરી અને એક ખાલી ઘરમાં તેને લઈ ગયો . જયારે હું તેને લઈને અંદર ગયો અને અંદરથી તાળું મારી દીધું તો ઔરતે મને કહ્યું . કે કમરો શા માટે બંધ કરો છો ? મેં કહ્યું એટલા માટે કે કોઈ આપણને આ હાલતમાં જોઈ ન લે . આ સાંભળીને ઔરત કાંપવા લાગી અને તેની આંખોમાંથી આંસુ વેહવા લાગ્યા અને મને કહ્યું તને લોકોનો આટલો બધો ડર છે તો ખુદાથી કેમ ડરતો નથી? મેં ઔરતને કહ્યુ કે તું આટલી બધી કેમ ડરો છો? તેને કહ્યું : હું એટલા માટે ડરું છુ કે ખુદા આપણને જોઈ રહ્યો છે.

પછી તેને કહ્યું અય અલ્લાહના બંદા જો તું મને છોડી મુકે તો હું દુઆ કરીશ કે અલ્લાહ તને દુનિયા અને આખેરતની આગથી બચાવે.

ઔરતે આ વાત કહી મને ઠપકો આપતા મને લાગી આવ્યું. . મૈ ગુનાહનો ઈરાદો છોડી દીધો. મેં ઔરતને માલી મદદ કરી તેને રવાના કરી.

ઔરત ખુશ થઈને પોતાના ઘરે ચાલી ગઈ. એ રાત્રે હું સુતો સ્વપ્નમાં મને એક અવાજ સંભળાણી કે તે એક શીલ્વન્તી સ્ત્રીની આબરૂ ન લુંટી .એટલે અમે તેની દુઆને તારા હકમાં કબુલ કરી લીધી.તને દુનિયા અને આખેરતમાં આગ નહી બાળે.

એ દિવસ થી આગ મારા પર અસર કરતી નથી એટલે હું તપતા લોઢાંને હાથમાં પકડી લઉ છું.

તો આ કિસ્સા પરથી એ સ્પષ્ટ થાય છે કે ઈન્સાન અલ્લાહ સામે હયાને લીધે ગુનાહને તર્ક કરે છે તો અલ્લાહ દુનિયા અને આખેરતની આગ પણ તેના માટે હરામ કરી આપે છે.